વ્હાલા જ્ઞાતિબંધુઓ...
જય જિનેન્દ્ર, નમસ્કાર.

***"ભાષાઓમાં ભૂષણ જેમ ઝળહળતી ગુજરાતી છે.
જ્ઞાતિઓમાં ગૌરવવંતી એવી ઓશવાળ જ્ઞાતિ છે."***

આવી ગૌરવવંતી ઓશવાળ જ્ઞાતિના ભાઈઓ તથા બહેનોને "ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ" વતી હૃદયપૂર્વકના વંદન.

આપ સૌ જાણો છો કે આજથી ૭૪ વર્ષ પહેલા તા. ૦૩–૦૧–૧૯૩૮ના રોજ જામનગર ખાતે, કેન્યાવાસીઓની દુરંદેશીથી માત્ર ૬ વિદ્યાર્થીઓ સાથે ભાડાના મકાનમા બોર્ડીંગ રૂપે વવાયેલું બીજ કેન્યા બોર્ડના ખુબજ ઉમદા સહકારથી આજથી ૪૦ વર્ષ પહેલા 'ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ' નામની કુંપળ બની કોળી ઉઠયું અને આજે એજ કુંપળ આપ સૌની હુંફ અને માવજતથી સમયની થપાટો સામે ટટ્ટાર ઉભુ રહી શકે એવું વૃક્ષ બની ગયું છે. આ વૃક્ષે અત્યાર સુધીમાં આશરે ૬૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ સમાજને મીઠા ફળ સ્વરૂપે ભેટ આપ્યા છે. આ તમામ વિદ્યાર્થીઓ દેશ–વિદેશમાં સ્થાયી થઈ પોતાની તેમજ 'સંઘ'ની મીઠાશ અને સુવાસ જગતમાં પ્રસરાવી રહયા છે. મને કહેતા આનંદ થાય છે કે આ વૃક્ષને તા.૨૪–૦૬–૨૦૧૧ના રોજ એક નવી ડાળી ફુટી છે આપણે આ દિવસે અમદાવાદ ખાતે આઠ વિદ્યાર્થીઓ સાથેની નવી હોસ્ટેલ ચાલુ કરેલી છે.

આ 'સંઘ–બીજ' વવાયાની ૭૫મી વર્ષગાંઠને ઉજવવા, 'સંઘ–વૃક્ષ'ના મીઠા ફળોની સુવાસ અને સેવાને પોંખવા અને ભવિષ્યની આંખમાં અનેક નવા સ્વપ્નો આંજવા માટે 'ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ' ધ્વારા આગામી તા.૦૨–૦૧–૨૦૧૨ થી તા.૦૪–૦૧–૨૦૧૨ દરમ્યાન ***ઓશવાળ ગ્લોબલ મીટ***નું આયોજન કરવામાં આવેલું છે. આ 'ગ્લોબલ મીટ'માં બોર્ડિંગમાં ભણી ગયેલા તમામ વિદ્યાર્થીઓ, દાનની સરવાણી સમા દાતાશ્રીઓ, દેશ વિદેશમાં વસેલા આપણી જ્ઞાતિના આગેવાનો, શ્રેષ્ઠીઓ, કાર્યકરો તેમજ તમામ જ્ઞાતિબંધુઓને 'સંઘ' અંતરથી આગ્રહભર્યુ આમંત્રણ પાઠવે છે. આ ત્રીદીવસીય ગ્લોબલ મીટ દરમ્યાન બેઠકો(મીટીંગ), મેળાવડા(ગેટ ટુ–ગેધર), સાંસ્કૃતીક કાર્યક્રમો(કલ્ચરલ પ્રોગ્રામ), ચર્ચા–સભા અને વાર્તાલાપો(ડીબેટ એન્ડ ડીસ્કશન), વકતવ્ય (લેકચર્સ)વગેરે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ ગ્લોબલ મીટને સફળ બનાવવા સંઘના પ્રમુખશ્રી અશોકભાઈ મારૂ, કારોબારી સભ્યો, કાર્યકરો ઉપરાંત પ્રોજેકટ માટેની ઓશવાળ ગ્લોબલ મીટ કમીટીના મારા સાથીદારો છેલ્લા ઘણા સમયથી ભગીરથ પ્રયત્નો કરી રહયા છે.

Contd.... 2...

ગ્લોબલ મીટમાં વિભીન્ન કાર્યક્રમો ધ્વારા 'સંઘ'ની આજ સુધીની સામાજીક, શૈક્ષણીક, સેવાકીય વગેરે પ્રવૃતિઓની વિગત આપવામાં આવશે. તદઉપરાંત જ્ઞાતિના સર્વાંગી ઉત્કર્ષ માટે વિચારાયેલા–ડિઝાઈન કરાયેલા ભવિષ્યના આયોજનો પણ ચર્ચવામાં આવશે. આ જ મીટમાં સર્વાંગી વિકાસ માટે વિચારાયેલી આ તમામ યોજનાઓ–કલ્પનાઓ–સ્વપ્નાઓને સાકાર કરવા માટે આપ સૌ પાસે સાથ–સહકાર અને અનુદાનની ટહેલ પણ નાંખવામાં આવશે. કેમ કે...

***"ટીપે ટીપે સરોવર ભરાય, કાંકરે કાંકરે પાળ બંધાય***
***પણ, પાળ નહી! પહાડ બાંધે એને ઓશવાળ કહેવાય."***

આવી અદ્વીતીય ઓશવાળ જ્ઞાતિના આપણે સૌ વારસદાર છીએ તેથી મને માત્ર શ્રધ્ધાજ નહી પણ ખાત્રી છે કે 'સંઘ'ની ઝરણાની જેમ ખળ ખળ વહેતી સેવાકીય તેમજ વિકાસલક્ષી પ્રવૃતીઓ આપની લાગણી અને પ્રેમની વર્ષાથી બેઉ કાઠે છલોછલ વહેતી નદીનું સ્વરૂપ ધારણ કરી લેશે. અંતમાં હૃદય માં ઉછળતા જ્ઞાતિપ્રેમને શબ્દોમાં ઉતારી વિરમું છું.

*__ઓ__વારી જાઉ તન મન અને ધન..*   *'ઓશવાળ' ને*
*__શ__ત શત પ્રણામ કોટી નમન...*   *'ઓશવાળ' ને*
*__વા__ણી ચડાવે શબ્દ સુમન...*   *'ઓશવાળ' ને*
*ઓ__ળ__ઘોળ આખુ જીવન...*   *'ઓશવાળ' ને*

અસ્તુ.

પરાગ શાહ
કન્વીનર.
ઓશવાળ ગ્લોબલ મીટ.